# આવતીકાલથી હોળાષ્ટક : કમૂર્તાનો પ્રારંભ

## હોળાષ્ટક તારીખ ૨૬ થી તારીખ ૭ માર્ચ મંગળવાર સુધી રહેશે



ગાંધીનગર, તા. ૨૫

હોળીનું પાવન પર્વ ફાગણ મહિનાની શુકલ પક્ષની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. બીજા દિવસે ચૈત્ર માસની પ્રતિપદા તિથિના દિવસે લોકો રંગોત્સવ ઉજવે છે. રંગોનો આ તહેવાર અસત્ય પર સત્યના જીતનું પ્રતીક છે. હોળીના ૮ દિવસ પહેલા હોળાષ્ટક શરૂ થાય છે. જે દરમિયાન કોઈપણ શુભ કાર્ય કરવુ વર્જિત માનવામાં આવે છે. મોટાભાગના લોકો હોળીના આગલા ૮ દિવસોમાં શુભ કાર્યો કરવાનું ટાળે જ છે.

### હોળાષ્ટકનો પ્રારંભ રવિવારથી

હોળાષ્ટકનો પ્રારંભ તારીખ ૨૬-૨-૨૦૨૩ રવિવારથી તારીખ ૭-૩-૨૦૨૩ ફાગણ સુદ ૧૫ મંગળવાર સુધી રહેશે. આ દિવસોમાં શુભકાર્યો થઈ શકે નહિ. આ દિવસોમાં કમુરતાનો સમયગાળો રહેશે. આથી આ સમયમાં લગ્ન, વિવાહ જેવા શુભ કાર્યો કરી શકાય નહિ.

**મીનારકનો સમય :** મીનારકનો સમયગાળો તારીખ ૧૪-૩-૨૦૨૩ ફાગણ વદ-૭ મંગળવારથી તારીખ ૧૪-૪-૨૦૨૩ ચૈત્ર વદ-૯ શુક્રવાર સુધી રહેશે.

**ગુરૂ અસ્તનો સમય :** તારીખ ૧-૪-૨૦૨૩ ચૈત્ર સુદ-૧૧, શનિવારથી તારીખ ૨૮-૩-૨૦૨૩ વૈશાખ સુદ-૮ શુક્રવાર સુધી ગુરૂઅસ્તનો સમય રહેશે.

### વિક્રમ સંવત-૨૦૭૯ના લગ્ન મુહૂર્તો

હોળી પર્વ સમાપ્તિ બાદ લગ્નના શુભ દિવસોનો પ્રારંભ થશે. જેમાં તારીખ ૮, ૯, ૧૦, ૧૩ લગ્ન માટેના શુભ મુહૂર્ત છે. એપ્રિલ મહિનામાં એક પણ લગ્ન મુહૂર્ત નથી. ત્યારબાદ મે મહિનામાં તારીખ ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ શ્રેષ્ઠ દિવસો છે. જૂન માસમાં તારીખ ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૨૩, ૨૬, ૨૭, ૨૮ શ્રેષ્ઠ દિવસો છે. ત્યારબાદ ચાર્તુમાસ તથા અધિકમાસ આવવાનો હોઈ દિવાળી સુધી અન્ય કોઈ શુભ સમય આવશે નહિ. બાકીનો સમય કમૂરતા રહેશે. જેમાં શુભકાર્યો થઈ શકશે નહિ તેમ જ્યોતિષાચાર્ય વિષ્ણુભાઈ વૈષ્ણવે જણાવ્યુ હતુ.

### હોળાષ્ઠક શા માટે અશુભ છે

હોળીની ૮ તારીખે એટલે કે ફાલ્ગુન શુકલ અષ્ટમી, નવમી, દશમી, એકાદશી, દ્વાદશી, ત્રયોદશી, ચતુર્દેશી અને પૂર્ણિમા પહેલાં કોઈ પણ શુભ કાર્ય કરવું અશુભ માનવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુના ભક્ત પ્રહલાદને મારવા માટે અનેક પ્રકારની યાતનાઓ આપવામાં આવી હતી. બીજી તરફ એવી પણ માન્યતા છે કે તેમની પત્ની રતિએ આ ૮ તારીખે પસ્તાવો કર્યો હતો જ્યારે ભગવાન શિવના ક્રોધને કારણે કામદેવ બળીને રાખ થઈ ગયા હતા.

# ગુરુવારે સાંજે પાટનગરના આકાશમાં સર્જાઇ વિરલ ઘટના

## સુર્યાસ્ત પછી ચંદ્રોદય સાથે બે કલાક સુધી ચંદ્ર નીચે ગુરુ અને શુક્ર આ એક જ લાઈનમાં જોવા મળ્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના વિસ્તારોમાં ગઈકાલે વિનાયક ચતુર્થીના પવિત્ર દિવસની સાંજે આકાશમાં અનોખી ખગોળીય ઘટના જોવા મળી હતી જેમાં ચંદ્ર, ગુરુ અને શુક્ર એક લાઈનમાં જોવા મળ્યાં હતા. આ ઘટના અંગે કેટલાંક ખગોળરસિક નાગરિકો દ્વારા સોશિયલ મિડીયા પર તસવીરો સાથે માહિતી મુકતાં શહેરીજનોમાં કૌતુક ફેલાયુ હતું અને તે દ્રશ્યને નિહાળવા નાગરિકો પોતપોતાના ધાબે ચડી ગયાં હતા. આ પ્રકારની ખગોળીય ઘટના જવલ્લે જ સર્જાતી હોવાથી નાગરિકોમાં ભારે જિજ્ઞાસા જોવા મળી હતી. પાટનગરના આકાશમાં સાંજે સૂરજ આથમ્યા પછી પશ્ચિમ દિશામાં ચંદ્રની નીચે એક જ લાઈનમાં ગુરુ અને શુક્ર પણ દેખાયાં હતા. આ ત્રણ ગ્રહ અંતરિક્ષમાં નજીક આવી ગયા હતા અને પૃથ્વીની નજીક આવી ગયા હોવાથી ટેલીસ્કોપ કે કોઈ યંત્રની મદદ વગર પણ જોઈ શકાતા હતા.

ગુરુવારને ફાગણ સુદ ચોથ એટલે વિનાયકી ચતુર્થી છે. ત્યારે સાંજે ૬:૩૭ વાગ્યે સુર્યાસ્ત થયા બાદ આકાશમાં ચંદ્રોદય થયો હતો અને ચંદ્ર નીચે ગુરુ અને તેની નીચે શુક્ર આ એક લાઈનમાં જોવા મળ્યા હતા. જેને લઈને શહેરીજનોમાં કૌતુક લાગ્યું હતું અને સૌ કોઈ આકાશ તરફ નજર કરીને આ ઘટના નિહાળી



હતી નાગરિકોએ ઘટનાના ફોટા પણ યાદગીરી રૂપે ક્લિક કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા હતા. ચંદ્રોદય બાદ ૧૨૩ મિનીટ બાદ એટલે કે ૮:૪૦ મીનીટે આકાશમાં એક લાઈનમાં દેખાતા ચંદ્ર, ગુરુ અને શુક્રમાંથી શુક્ર દેખાતો બંધ થયો હતો. તો સુર્યાસ્ત બાદ આકાશમાં ૧૪૩ મિનીટે અને શુક્ર દેખાતો બંધ થયાને ૨૦ મીનીટે એટલે નવ વાગે ગુરુ દેખાતો બંધ થયો હતો.૧૪૩ મિનીટ એટલે કે બે કલાકથી વધુ સમય સુધી એટલે નવ વાગા સુધી જોવા મળી હતી.

# ગુજરાત યોગ બોર્ડની સહાયથી યોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે પતંજલિ સહયોગ સમિતિ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ આગામી તા.૧લી માર્ચ બુધવારના રોજથી થઈ રહ્યો છે જેનો મુખ્ય ઉદેશ્ય યોગ, આયુર્વેદ, નેચરોપથી, એક્યુપ્રેશર થેરાપી, પ્રાથમિક ઉપચાર વગેરેનો ગહન પ્રચાર-પ્રસાર કરી ઘર-ઘર સુધી યોગને પહોંચાડવાનો છે. શિબિરનો સમય સવારે પાંચથી સાત વાગ્યા દરમ્યાન રહેશે જેમાં માત્ર ૧૦૦ કલાકની તાલીમ આપવામાં આવશે. શિબિરનું સ્થળ ચ-૩ સર્કલ પાસે સે.૭માં ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર રહેશે અને પ્રશિક્ષણ શિબિરના અભ્યાસક્રમમાં યોગના મૂળભૂત સિદ્ધાંત, અષ્ટાંગયોગ, ષટકર્મ, પંચકર્મ, એક્યુપ્રેશર, આયુર્વેદ, માનવ શરીર રચના, પારંપરિક વ્યાયામ, અષ્ટચક્ર, પંચતત્વ, પંચકોશ, પંચપ્રાણ, સપ્તધાતુ, દિનચર્યા, રોગ અનુસાર અભ્યાસ વગેરે વિષય આવરી લેવામાં આવશે. તાલીમ પૂર્ણ થયા બાદ હરિદ્વારની પતંજલી યોગ સમિતી દ્વારા, ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે તેવું આયોજક સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ પ્રમાણપત્ર ભારતના દરેક રાજ્યમાં માન્યતા ધરાવે છે જેથી તાલીમ લીધેલ વ્યક્તિ કોઈપણ જગ્યાએ પોતાનો સ્વતંત્ર યોગ વર્ગ ચલાવી શકશે તેવો દાવો કરતાં જણાવાયું છે કે તાલીમ દરમિયાન શીખવવામાં આવનાર અભ્યાસ સંબંધી પુસ્તકો પૂરા પાડવામાં આવશે અને હરિદ્વારના પતંજલિ યોગ સમિતિના વરીષ્ઠ અધિકારીઓ દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન માટેનો અંતિમ દિવસ તા.૨૬મી ફેબ્રુઆરી છે અને વય મર્યાદા ૧૫ વર્ષથી ઉપરની નિયત કરવામાં આવી છે. શિબિર માટે સહયોગ શુલ્ક રૂ. ૧૫૯૯ રાખવામાં આવ્યું છે.




ગિફ્ટ સિટી ખાતે ક્રેડાઈ ગાંધીનગર દ્વારા આયોજિત "ટ્રાઈસિટી પ્રોપર્ટી ફેસ્ટ-૨૦૨૩" નો શુભારંભ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ ના હસ્તે થયો હતો. સામાન્ય તેમજ છેવાડાના માણસને પોતાનું ઘરનું ઘર મળે એ અભિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નું છે. આ પ્રકારના પ્રોપર્ટી ફેસ્ટ આ અભિયાનમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહીને ભવ્ય આયોજન બદલ આયોજકો નો તેમજ પાર્ટીસીપેન્ટ્સને શુભકામનાઓ પાઠવી હતી.

# નગરરચના યોજનાઓની સ્થાયી સમિતીના ચેરમેને મુલાકત લીધી





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાના સ્થાયી સમિતિ ચેરમેનશ્રી જશુભાઈ પટેલ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારની અલગ-અલગ નગર રચના યોજનાઓમાં તા.૨૫/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૯ થી ૧ દરમિયાન વિવિધ ગામો ની મુલાકાત લેવામાં આવેલ હતી. જેમાં ક્રમિક મુલાકાત દરમિયાન ભાટ ગામ ખાતે ડ્રેનેજ લાઈનની સાફ સફાઈ, હવાડાની સામેના ખુલ્લા પ્લોટમાં નવીન આરોગ્ય કેન્દ્ર બનાવવું, ભાટ ગ્રામપંચાયત બાજુમાં આવેલ આંગણવાડી પાસે આવેલ જુનું બાંધકામ તોડી બાળકોને રમવા માટે બગીચો બનાવી રમત-ગમતનાં સાધનો મુકવા, મંદિરની બાજુએ તેમજ ગાયત્રી સોસાયટીની સામે ગૌચરનાં ખુલ્લા પ્લોટમાં ચિલ્ડ્રન યુનિવર્સીટી દ્વારા આપવામાં આવેલ પ્લાન મુજબ આંગણવાડી બનાવવાનું સુચન કરવામાં આવેલ છે. તેમજ ભાટ, કોટશ્વર, અમીયાપુર, અને ઝુંડાલ ટી.પી. વિસ્તારોમાં બાંધકામ હેઠળ રહેલ સુએઝ પમ્પીંગ સ્ટેશનોમાં કોટાસ્ટોનનું રીપેરીંગ, પ્લાસ્ટર કામ, આર.સી.સી. નાં ટેસ્ટિંગમાં સુધારો કરવો, ધાબા પર પાણી ભરી લીકેજ ચેક કર્યા બાદ ચાઈના મોઝેક લગાવવું તેમજ યોગ્ય સ્લોપ આપી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવી, સ્લેબના સ્ટીલ કામમાં કવર જળવાઈ રહે તે રીતે વધારે સિમેન્ટ વાપરી કવર બ્લોક બનાવી ઉપયોગ કરવા સુચન કરેલ છે. તેમજ કોન્ટ્રાક્ટરે કરેલ કામના કોર કટિંગ કરી ટેસ્ટિંગ કરાવી ગુણવત્તાની ચકાસણી કરાવી લેવા સુચન કરવામાં આવેલ છે. ગાંધીનગર મહાનગર પાલિકાના તમામ સુએઝ પમ્પીંગ સ્ટેશન/વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન માટે એક જ યુનિક કલર પસંદ કરવા તેમજ તમામ પમ્પીંગ સ્ટેશન પર સ્ટેન્ડ બાય પમ્પીંગ મોટર લગાવવા સુચન કરવામાં આવેલ છે.

# ગુજરાત સાયન્સ સિટીના નોબલ ડોમમાં ટ્રી ટોક સેમિનાર યોજાયો.



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ સ્થિત સાયન્સ સિટી નેચર ક્લબના "ઈકો લાઈફ" ટ્રી વોક ગ્રુપ દ્વારા અમદાવાદના સંકલનમાં વૃક્ષની ઓળખની મૂળભૂત બાબતો પર સેમિનાર યોજાયો હતો. ગુજરાત સાયન્સ સિટીના નોબલ ડોમમાં યોજાયેલા આ સેમિનારમાં વિવિધ વૃક્ષો વિશે વિશેષ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આયોજનના ભાગરૂપે સેમિનારમાં હાજર શિવમ ભટ્ટ અને ધૈવત હાથી દ્વારા વૃક્ષોને કેવી રીતે ઓળખવા તે અંગેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, સાથે સાથે વિવિધ વૃક્ષોના પાંદડા, ફૂલો, ફળો, છાલ, કદ, દેખાવ અને ગુજરાતના વિવિધ વસવાટો અને તેમની પુષ્પવિવિધતા જેવા તમામ ઉપયોગી પાસાઓની વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી, જેથી દરેક માટે વૃક્ષોને સમજવા અને ઓળખવા સરળ બની શકે. વધુમાં, અમદાવાદમાં વૃક્ષોની વિવિધતા અને ટ્રી-સ્પોટિંગ માટે સારી જગ્યાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.ગુજરાત સાયન્સ સિટીના નોબલ ડોમ ખાતે આયોજીત આ સેમિનારમાં સમગ્ર ગુજરાતમાંથી સહભાગીઓએ હાજરી આપી હતી.

# છાલા ગામે "આયુષ મેળો" યોજાયો



ગાંધીનગર, તા.૨૫

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા આજે 'આયુષ મેળા'નું આયોજન છાલાગામની શેઠ કે. એમ. શાહ હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું. આ મેળાનો લાભ કુલ- ૧૪ હજારથી વધુ આસપાસના ગ્રામજનોએ લીધો હતો. આ આયુષ મેળા અંતર્ગત આયુર્વેદ વનસ્પતિ પ્રદર્શન, જનરલ ઓ.પી.ડી, રોગ પ્રમાણે યોગ, મર્મચિકિત્સા, પ્રકૃતિપરીક્ષણ, નાડી પરીક્ષણ, યુનાની ચિકિત્સા, પંચકર્મ, ગર્ભ સંસ્કાર અને બાળ રોગ, સ્ત્રી રોગ, લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર, અગ્નિકર્મ, દંતોત્પાટન જેવા ૧૭ જેટલા પ્રદર્શન સ્ટોલ દ્વારા જુદી જુદી ચિકિત્સા લક્ષી સેવાઓનો લાભ છાલા ગામ તથા આસપાસના ગ્રામજનોને આપવામાં આવ્યો હતો. સમગ્ર દિવસ દરમ્યાન યોજાયેલ આયુષ મેળામાં યોગશિબિર – ૩૦૦, નાડીપરીક્ષણ- ૧૬૮,અગ્નિ કર્મ- ૬૮૫, વિદધ કર્મ- ૫૭૪, રકતમોક્ષણ- ૪૬, આયુર્વેદ ઓપીડી – ૧૨૪૦, હોમિયોપેથ ઓપીડી --૨૧૦, યુનાની ચિકિત્સા- ૧૧૦, પ્રકૃતિ પરીક્ષણ --૫૧૬, મર્મ, ચિકિત્સા- ૧૬૨, સુવર્ણ પાશન – ૩૭૨, બી.પી.સુગર ચેકઅપ – ૧૨૩, વનસ્પતિ પ્રદર્શન-૩૧૬૧ અને રસોડાના ઔષધનો ૩૧૬૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આયુષ મેળામાં પ્રમુખ જિલ્લા પંચાયત દિલીપભાઈ પટેલ તથા ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય ગાંધીનગર શંભુજી ઠાકોર ,પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત મંગીબેન ચૌધરી, સામાજિક ન્યાય સમિતિ ગાંધીનગરના ચેરમેન, સરપંચ છાલા ગામ મેઘનાબેન ચૌધરી, તથા ભાજપ અગ્રણી દિલીપભાઈ ચૌધરી, સમાજ કલ્યાણ અધિકારી જિલ્લા પંચાયત ગાંધીનગર સુધાબેન બારોટ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ડો. ભાવનાબેન પટેલ, જિલ્લા આયુર્વેદિક અધિકારી દ્વારા શાબ્દિક સ્વાગત કરી ઔષધિય છોડ તથા સ્મૃતિ ચિહ્ણ અર્પણ કરી મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ લોકોને હર્બલ- ટી નું વિતરણ કરવામાં આવ્યું અને સાથે સાથે તેનાથી થતાં ફાયદા અંગે પણ પણ આપવામાં આવી હતી.

# સે-૭-ડી માં સંયુક્ત વાર્ષિક સામાન્ય સભા-અમૃત મહોત્સવ સન્માન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરીજન સંસ્થા, સેક્ટર-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ, સેક્ટર-૭-ડી ની સંયુક્ત વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૨-૨૦૨૩ને રવિવારે પ્રમુખ સુમંતલાલ એમ. શાહના અધ્યક્ષસ્થાને ડીવાઈન યોગા નેચરોપથી સેન્ટર, પ્લોટ નં. ૧૩૨૩/બી-૧, ચ-૩ નજીક, સેક્ટર-૭-ડી, ગાંધીનગર ખાતે બપોર બાદ ૩.૩૦ કલાકે મળશે. જેમાં બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સે. ૭-ડીના અમૃત મહોત્સવ નિમિત્તે ૧૩ વરિષ્ઠ પેન્શનર મહાનુભાવોનું અભિવાદન-સન્માન કરવામાં આવનાર છે. આ સન્માન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા તથા નગર સેવક મહેન્દ્રભાઈ પટેલ (દાસ), પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, અગ્રણી બિલ્ડર વિક્રાંતભાઈ પુરોહિત વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# યૌવના ગ્રુપ દ્વારા ૧૨૦ વિધવા મહિલાઓને સાડી વિતરણ કાર્યક્રમ

સમાજ સેવાનો ભેખ ધારણ કરીને યૌવના ગ્રુપ છેલ્લા ઘણા વર્ષોથી શાળાના ગરીબ બાળકોને શિક્ષણમાં આગળ વધવા, ગરીબ



માણસો, વિધવા બહેનોની જીવન નિર્વાહની રોજીંદી જરુરીયાત માટે વિવિધ પ્રવુતિઓના માધ્યમથી પ્રોત્સાહિત કરે છે અને તેઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીને કાર્ય કરે છે. ભારતના સ્વતંત્રતા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે, તાજેતરમાં યૌવના ગ્રુપ દ્વારા ગજાનન સેવા સમિતિના સહકારથી રાજસ્થાન બોર્ડરના જાબચિતરીયા, જાંબુડી, પંચમહુડી, અનસોલ, ભીલોડ, ભવનપુર, ગદાધર, ખરી જેવા છેવાડાના ગામડાઓની ૧૨૦ જેટલી વિધવા બહેનોને સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે શાળાએ જતી ૩૨૦ જેટલી પુખ્ત વિદ્યાર્થીનીઓને સેનેટરી નેપકીનનું વિતરણ કરી, સ્વચ્છતાની સમજ આપી, તેના ફાયદા અને મેન્સ્ટ્રૂયલ હાઈજીનની સમજ આપવામાં આવી હતી. વૈજન્તીબેન ગુપ્તેએ મહિલાઓ અને કન્યાઓને માસિક ધર્મ ઈન્ફેકશનની સંભાવના અને બીમારી થતી હોવાની સમજણ આપી હતી અને માસિકસ્ત્રાવ સાથે સંબંધિત વૈજ્ઞાનિક અને સચોટ જાણકારી આપીને આરોગ્યલક્ષી વિગતવાર માહિતી આપી હતી. મહિલાઓ અને કન્યાઓને સંકોચ રાખ્યા વગર માસિક ધર્મને લગતી મૂંઝવણની ચર્ચા કરી, તેમના વ્યક્તિગત પ્રશ્નોનુ નિરાકરણ કરવામાં આવ્યું હતું. બાળાઓને વધારેમાં વધારે અભ્યાસ કરવા માટે સમજાવી, શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું.

આ ઉપરાંત વધુ અભ્યાસ અર્થે ગામડામાંથી શહેરમાં ભણવા જતી વિદ્યાર્થીનીઓને બહારની શહેરની દુનિયામાં પોતાની જાતને કઈ રીતે સાચવવી તેની જાગૃતિ માટે સમજ આપવામાં આવી હતી.

યૌવના ફાઉન્ડર પલ્લવીબેન ગુપ્તે, સેક્રેટરી ઉષાબેન તાટૂ, વૈદેહીબેન તાટૂ, ઉષાબેન ગર્જ્જર, શિલ્પાબેન ભટ્ટ, જાગૃતિબેન વ્યાસ, મેઘાબેન જોશી, મિતાબેન શાહ સહિત તમામ કારોબારી સભ્યોએ ખૂબ જ મહેનત કરી સમગ્ર સેવા કાર્યક્રમને વંદનીય બનાવ્યો હતો. સહકાર આપવા બદલ ગજાનંદ સેવા સમિતિના પ્રમુખ મિલિંદભાઈ ગુપ્તે અને ટીમનો યૌવના ગ્રુપના પ્રમુખ આભાર માનતા ભાવવિભોર થઈ ગયા હતા.



અમદાવાદમાં સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ ધી મેન્ટલી રીટાર્ડેડ દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પાલડી વિસ્તારમાં ટાગોર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૧૨ જેટલી સંસ્થાઓએ ભાગ લીધો હતો જેમાં ગાંધીનગરની વિશેષ થેરાપી એન્ડ એબિલીટી સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોએ અને શિક્ષકોએ તેમનું અદભુત પરફોર્મન્સ આપ્યું હતું અને તેમાં બાળકોને ત્રીજું અને શિક્ષકોને સ્પેશ્યલ ઈનામ આપવામાં આવ્યું હતું.

# સે.૨૩માં એમ.એમ. પટેલ સાયન્સ કોલેજ ખાતે ટેકનિકલ ફેસ્ટિવલ "લા- કમ્પાસ ૨૦૨૩" યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સે.૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી એમ.એમ. પટેલ સાયન્સ એન્ડ રિસર્ચના સ.જીષ. () ડિપાર્ટમેન્ટ દ્વારા 'લા –કમ્પાસ ૨૦૨૩' નામે ટેકનિકલ ફેસ્ટિવલ તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૩ શનિવારના રોજ યોજાયો હતો. આઈટી વિભાગ દ્વારા આયોજિત લા- કમ્પાસ ૨૦૨૩માં વર્કશોપ ઓન વેબ એન્ડ મોબાઈલ એપ્લિકેશન ડેવલપમેન્ટ, ડિ-કોડિંગ, કમ્પ્યુટર ગેમિંગ સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કમ્પ્યુટર ટેકનોલોજી સાથે જોડાયેલ ૨૦



જેટલી કોલેજોના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને એમએસસી. આઈટી વિભાગના વડા ડૉ. ભદ્રેશ પંડ્યા તથા ઉપસ્થિત મહેમાનોના હસ્તે વિદ્યાર્થીઓને મોમેન્ટો અને સર્ટિફિકટ એનાયત કરવામાં આવ્યાં હતાં.